# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 09-12-2024** **MIDDAY : 1.20 to 1.30**
**Day : Monday** **National News**

આકાશવાણી સમાચાર **બકુલા પરમાર** વાંચે છે.

*******************************************************************************

1) પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ રાઇઝિંગ રાજસ્થાન વૈશ્વિક રોકાણ સંમેલનમાં જણાવ્યું છે કે, રોકાણ કરવા માટે રાજસ્થાન શ્રેષ્ઠ સ્થળ છે.
2) વિરોધ પક્ષોનાં શોરબકોરને પગલે લોકસભા અને રાજ્યસભાની કાર્યવાહી બે વાગ્યા સુધી મુલતવી
3) ભારતનાં ડિજિટલ માળખામાં નોંધપાત્ર વૃધ્ધિ - આધાર સંખ્યા વધીને 138 કરોડ 34 લાખ થઈ
4) ઉત્તર ભારતનાં પર્વતીય વિસ્તારોમાં બરફવર્ષા સાથે તીવ્ર ઠંડીનો પ્રારંભ
5) મહિલા જુનિયર એશિયા કપ હૉકીમાં ભારત આજે મલેશિયા સામે મેચ રમશે.

*****************************************************

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

# PM RAJASTHAN

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કહ્યું, ‘રોકાણ કરવા માટે રાજસ્થાન શ્રેષ્ઠ જગ્યા છે. રાજ્યના વિકાસથી દેશના વિકાસ પર અમારું ધ્યાન કેન્દ્રીત છે. આજે વિશ્વનો દરેક નિકાસકાર, દરેક રોકાણકાર ભારતને લઈ ઉત્સુક છેસુધારો ., પ્રદર્શન અને પરિવર્તનના મંત્ર પર ચાલતા ભારતે જે વિકાસ કર્યો છેતે દરેક ક્ષેત્રમાં જોવા મળે . .છે’ જયપુરમાં રાઈઝીંગ રાજસ્થાન વૈશ્વિક રોકાણ સંમેલનને સંબોધતાં શ્રી મોદીએ આ

મુજબ જણાવ્યું હતુંશ્રી મોદીએ ઉમેર્યું ., 'આ સંમેલનથી પ્રવાસન ક્ષેત્રને લાભ થશે . .ઊર્જા સુરક્ષામાં રાજસ્થાનનું મોટું યોગદાન હોવાનું પણ શ્રી મોદીએ જણાવ્યું હતું

શ્રી મોદીએ કહ્યું, મેન્યુફેક્ચરિંગ એટલે કે, ઉત્પાદન વધારવામાં પીએલઆઈ યોજનાનું મહત્વનું યોગદાન છે. આ યોજનાથી નિકાસમાં ચાર લાખ કરોડ રૂપિયાની વૃદ્ધિ થઈ છે.' શ્રી મોદીએ કહ્યું, 'ગત વર્ષમાં ભારત વિશ્વની પાંચમી સૌથી મોટી 10 આ સમયગાળામાં ભારતના નિકાસ અને વિદેશી પ્રત્યક્ષ .અર્થવ્યવસ્થા બની છે રોકાણFDI બમણું થયું છે .'

ઉલ્લેખનીય છે કે, ત્રણ દિવસ સુધી ચાલનારા આ સંમેલનનો ઉદ્દેશ વિદેશી રોકાણકારોને આકર્ષિત કરવાનો છે. સંમેલનમાં 32 દેશના પ્રતિનિધિ સામેલ થયા છે.

# PM HARIYANA

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજે બપોરે હરિયાણાના પાણીપતમાં બીમા સખી યોજનાનો પ્રારંભ કરાવશે. આ યોજનાનો ઉદ્દેશ મહિલાઓમાં નાણાકીય સાક્ષરતા અને વીમા જાગૃતિ વધારવાનો છે. ભારતની જીવન વીમા નિગમ- L.I.C.ની આ પહેલ ધોરણ-10 પાસ 18થી 70 વર્ષની વયની મહિલાઓને સશક્ત બનાવવા શરૂ કરવામાં આવી છે. તેમને વિશેષ તાલીમ અને પહેલા ત્રણ વર્ષ માટે ભથ્થાના નાણા પણ અપાશે. આ પ્રસંગે શ્રી મોદી સંભવિત બીમાસખીઓને નિયુક્તિ પ્રમાણપત્રનું પણ વિતરણ કરશે.

પ્રધાનમંત્રી મહારાણા પ્રતાપ બાગબાની વિશ્વ-વિદ્યાલય, કરનાલના મુખ્ય પરિસરનો શિલાન્યાસ પણ કરશે. 495 એકરમાં ફેલાયેલા મુખ્ય પરિસર અને છ પ્રાદેશિક સંશોધન કેન્દ્રના નિર્માણમાં 700 કરોડ રૂપિયાથી વધુનો ખર્ચ કરાશે. વિશ્વ-વિદ્યાલયમાં સ્નાતક અને અનુ-સ્નાતક અભ્યાસ માટે એક બાગવાની મહાવિદ્યાલય અને બાગવાની પર આધારિત 10 વિષયો ભણવા માટે પાંચ શાળા પણ હશે.

# LS ADJOURNED

દેશના એક મુખ્ય વેપારી સમૂહ સામે કથિત લાંચના આરોપ અને અન્ય મુદ્દાઓ પર વિપક્ષના હોબાળાના કારણે લોકસભાની કાર્યવાહી બપોરે 2 વાગ્યા સુધી સ્થગિત કરવામાં આવી છે. આજે સવારે ગૃહની કાર્યવાહી શરૂ થઈ ત્યારે કૉંગ્રેસ, ડીએમકે અને અન્ય વિપક્ષી દળના સાંસદોએ ગૃહમાં હોબાળો મચાવ્યો હતો.

લોકસભા અધ્યક્ષ ઑમ બિરલાએ પ્રશ્નકાળને મહત્વનો ગણાવતા કહ્યું, આ દરમિયાન કોઈ પણ મામલો ન ઉઠાવી શકાય. તેમણે વિરોધ કરતા સભ્યોને ગૃહ ચાલવા દેવાનો પણ આગ્રહ કર્યો હતો. રાજ્યસભામાં પણ વિરોધ પક્ષોના શોરબકોરને પગલે કાર્યવાહી બપોરના 2 વાગ્યા સુધી મુલત્વી રાખવામાં આવી છે.

## OPPOSITION PROTEST

વિપક્ષી દળ ઇન્ડી ગઠબંધનના સાંસદોએ એક મુખ્ય વેપારી સમૂહ સામે કથિત લાંચના આરોપને લઈ આજે સંસદ ભવન પરિસરમાં વિરોધ પ્રદર્શન કર્યું હતું . કૉંગ્રેસ, ડીએમકે, રાષ્ટ્રીય જનતા દળ અને વામપંથી દળ સહિત અન્ય દળો પણ આ વિરોધ પ્રદર્શનમાં જોડાયા હતા

## JHARKHAND ASSEMBLY SESSION

ઝારખંડ વિધાનસભાનું ચાર દિવસનું વિશેષ સત્ર આજથી નવા ચૂંટાયેલા સભ્યોના ગૃહમાં સ્વાગત સાથે શરૂ થયું છે. નવા ચૂંટાયેલા ધારાસભ્યોના શપથ અને અધ્યક્ષની પસંદગી માટે આ સત્ર બોલાવવામાં આવ્યું છે.

પ્રોટેમ સ્પીકર સ્ટીફન મરાંડી નવા ચૂંટાયેલા સભ્યોને શપથ લેવડાવી રહ્યા છે. શપથવિધિ આવતીકાલ સુધી ચાલશે. સભ્યોના શપથગ્રહણ બાદ અધ્યક્ષની ચૂંટણી યોજાશે. ત્યારબાદ હેમંત સોરેન સરકાર માટે વિશ્વાસ મત આપવામાં આવશે. રાજ્યપાલ સંતોષકુમાર ગંગવાર બુધવારે વિધાનસભાને સંબોધિત કરશે અને ત્યારબાદ ચાલુ નાણાકીય વર્ષનું બીજું પૂરક અંદાજપત્ર ગૃહમાં રજૂ કરાશે.

# INDIA DIGITAL GROWTH

માહિતી અને પ્રસારણ મંત્રાલયે એક સત્તાવાર નિવેદનમાં ક્લાઉડ કમ્પ્યૂટિન્ગ, કૃત્રિમ બુદ્ધિમત્તા -A.I. અને ડિજિટલ તંત્રમાં નવીનતાઓ દ્વારા સંચાલિત ભારતની વિકસિત ડિજિટલ અર્થવ્યવસ્થાનો ઉલ્લેખ કરતાં જણાવ્યું કે, ભારતના ડિજિટલ પાયાના માળખામાં નોંધપાત્ર વૃદ્ધિ થઈ છેલાખ આધાર 34 કરોડ 138 અત્યાર સુધી . કરોડ 37 જ્યારે ડિજિલૉકર પ્લેટફૉર્મ પર અંદાજે .સંખ્યાઓ બનાવવામાં આવી છે જ્યારે દીક્ષા શિક્ષા .કરોડ દસ્તાવેજ સંગ્રહિત કરાયા છે 776 ઉપયોગકર્તાઓના લાખ 95 કરોડ 17 પ્લેટફૉર્મે અભ્યાસક્રમ નામાંકન અને લાખ પૂર્ણતાની 37 કરોડ 14 .લાખ શિક્ષણસત્રોની સુવિધા પૂરી પાડી છે 37 કરોડ 556 સાથે

ભારતનું ડેટા સેન્ટર ઉદ્યોગ ઝડપથી વિસ્તરણ કરી રહ્યું છે. દિલ્હી, પુણે, ભુવનેશ્વર અને હૈદરાબાદમાં રાષ્ટ્રીય ડેટા કેન્દ્ર સરકારી કાર્યો માટે ક્લઉડ સેવાઓ અને આપદા પુનઃપ્રાપ્તિ પૂરી પાડે છે. 300થી વધુ સરકારી વિભાગ હવે ક્લાઉડ સેવાઓનો ઉપયોગ કરે છે. સરકારી ઈ-બજાર, ઉમંગ, એપીઆઈ સેતુ, કૉવિન અને આરોગ્ય સેતુ જેવા પ્લેટફૉર્મ ભારતના ડિજિટલ પરિવર્તનને આગળ વધારી રહ્યા છે. તેમજ જાહેર સેવાઓ અને શાસનમાં ફેરફાર કરી રહ્યું છે.

# MID BREAK- NEWS

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ રાષ્ટ્રીય સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે આપ અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABADને ફોલો કરી શકો છો.

# COLD IN NORTH INDIA

ઉત્તર ભારતનાં પર્વતીય વિસ્તારોમાં બરફવર્ષા સાથે તીવ્ર ઠંડીનો પ્રારંભ થઈ ગયો છે. જમ્મુ કાશ્મીરનાં પર્યટન સ્થળો ગુલમર્ગ, સોનમર્ગ અને પહેલગાંવમાં નવેસરથી બરફવર્ષા થઈ હતી. ગુલમર્ગમાં આજે વહેલી સવારે તાપમાન માઇનસ નવ અને પહેલગાંવમાં માઇનસ 6.8 ડિગ્રી તાપમાન નોંધાયું હતું. શ્રીનગરમાં માઇનસ 3.3 ડિગ્રી સેલ્સિયસ તાપમાન રહ્યું હતું.

ઉત્તરાખંડમાં મોસમની પ્રથમ બરફવર્ષાની સાથે ચમોલી, ચંપાવત, ઉત્તરકાશી અને દહેરાદૂન જેવા ઉંચાઈવાળા વિસ્તારોમાં ઠંડી વધી ગઈ છે. સાથે સાથે સવારે અને રાત્રે મેદાની વિસ્તારોમાં પણ તાપમાનમાં ઘટાડો થયો છે.

હિમાચલ પ્રદેશમાં પણ બરફવર્ષાથી કડકડતી ઠંડીનો અનુભવ થયો હતો. પર્યટન સ્થળ મનાલી, કુફરી અને નારકંડા સહિત રાજ્યનાં નવ શહેરોનું તાપમાન માઇનસમાં નોંધાયું હતું.

# IMD WEATHER

ભારતીય હવામાન વિભાગે આગામી પાંચ દિવસ દરમિયાન રાજસ્થાનના પશ્ચિમી વિસ્તારમાં શીત લહેર વધવાની શક્યતા વ્યક્ત કરી છે. હવામાન વિભાગે પંજાબ, હરિયાણા, ચંદીગઢ, દિલ્હી, બિહાર, ઉપ-હિમાલયન પશ્ચિમ બંગાળ, સિક્કીમ, આસામ, મેઘાલય, નાગાલેન્ડ, મણિપુર, મિઝોરમ અને ત્રિપુરામાં આજે રાત્રે અને સવારના સમયે ગાઢ ધુમ્મસ છવાઈ રહેવાની આગાહી કરી છે.

હવામાન વિભાગે જણાવ્યું છે કે, મહારાષ્ટ્ર સહિત મધ્ય અને પશ્ચિમી ભારતમાં આજથી તાપમાનમાં ઘટાડો થઈ શકે છે .આગામી બે દિવસમાં મહારાષ્ટ્રનાં કેટલાંક ભાગોમાં હળવા વરસાદની સંભાવના છે .આજે સવારે મુંબઇનું તાપમાન15 . 4ડિગ્રી સેલ્સિયસ નોંધાયું હતું.

તમિલનાડુ, પુડુચેરી અને કરાઈકલમાં આવતીકાલે વિવિધ સ્થળો પર વરસાદની શક્યતા છે. આગામી 2 દિવસમાં રાષ્ટ્રીય રાજધાની દિલ્હીમાં સવાર અને રાતના સમયે ધુમ્મસ રહી શકે છે.

# NEW SCHOOL-BOMB THREAT

પાટનગર દિલ્હીની કેટલીક શાળાઓને આજે બોમ્બની ધમકી  મળી છે. દિલ્હી પોલીસના જનસંપર્ક અધિકારી સંજય ત્યાગીએ જણાવ્યું કે, ઈ-મેલ દ્વારા મળેલી ધમકી બાદ પોલીસની ટીમો તમામ સ્થળોએ પહોંચી ગઈ છે. તેમણે તમામ શાળાઓ અને બાળકોની સુરક્ષાની ખાતરી પણ આપી હતી. શ્રી ત્યાગીએ કહ્યું કે પોલીસ ઈ-મેલના સ્ત્રોતને શોધી રહી છે અને જરૂરી પગલાં લેવાશે.

# SONIA BIRTHDAY - PM GREETINGS

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી અને કોંગ્રેસના રાષ્ટ્રીય અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગેએ કોંગ્રેસનાં ભૂતપુર્વ પ્રમુખ સોનિયા ગાંધીના 78મા જન્મદિવસે શુભેચ્છા પાઠવી છે.

પ્રધાનમંત્રીએ સોશિયલ મિડિયા પ્લેટફોર્મ X પર એક સંદેશમાં સોનિયા ગાંધીનાં લાંબા આયુષ્ય અને સારા સ્વાસ્થ્ય માટેની શુભકામના પાઠવી હતી. કોંગ્રેસ પ્રમુખ મલ્લિકાર્જુન ખડગેએ સોનિયા ગાંધીને શુભેચ્છા પાઠવીને જાહેર જીવનમાં તેમનાં યોગદાનની પ્રશંસા કરી હતી.

# DAY HOCKEY - ASIA CUP

ઓમાનના મસ્કતમાં રમાઈ રહેલી મહિલા જુનિયર એશિયા કપ હોકીમાં પુલ એની મેચમાં ભારત આજે મલેશિયા સામે રમશે. મેચ ભારતીય સમય પ્રમાણે સાડા આઠ વાગે શરૂ થશે. એક અન્ય મેચમાં ચાઇનીઝ તાઇપેઇ પુલ બીની મેચમાં સાઉથ કોરિયા સામે રમશે.

ગઈ કાલે ભારતે બાંગ્લાદેશને 13-1થી પરાજય આપ્યો હતો. મુમતાઝ ખાને ચાર, કનિકા સિવાચ અને દીપિકાએ ત્રણ-ત્રણ ગૉલ કર્યા હતા. FIH જુનિયર વર્લ્ડ કપ માટે જુનિયર એશિયા કપ ક્વૉલિફાઇંગ સ્પર્ધા છે, જે આવતા વર્ષે ચિલીમાં રમાશે. એશિયા કપમાં ટોચનાં પાંચ સ્થાને આવનારી ટીમો વિશ્વકપમાં સ્થાન મેળવશે.

# DAY CHESS WORLD CHAMPIONSHIP

સિંગાપોરમાં રમાઈ રહેલી વિશ્વ ચેસ સ્પર્ધામાં ભારતના ડી .ગુકેશ આજે ચીનના ડિંગ લિરેન સામે .મો રાઉન્ડ રમશે12 મેચ સિંગાપોરમાં બપોરે 2:.વાગ્યે શરૂ થશે 30 મા11 વર્ષીય ગુકેશ 18 રાઉન્ડમાં જીતીને શ્રેણીમાં 6-.થી આગળ છે5

# WORLD SQUASH TEAM CHAMPIONSHIPS

હોંગકોંગમાં રમાઇ રહેલી વર્લ્ડ સ્કવોશ ટીમ ચેમ્પિયનશીપ 2024માં ભારતની મહિલા ટીમે ગ્રૂપ-Cની પ્રથમ મેચમાં કોલંબિયાને 2-1થી હાર આપી હતી. આજે બપોરે ત્રણ વાગે ભારતની મહિલા ટીમ બેલ્જિયમ સામે રમશે.

હોંગકોંગે સૌપ્રથમ વાર આ સ્પર્ધાનું આયોજન કર્યું છે. ઉપરાંત, પુરુષ અને મહિલાઓની સ્પર્ધા એક સાથે રમાઇ રહી હોય તેવું આ પ્રથમ વાર બન્યું છે. ગ્રૂપ-Fમાં ભારતની પુરુષ ટીમની સ્પર્ધા કોલંબિયા અને આયર્લેન્ડ સામે છે. જ્યારે મહિલા ટીમની સ્પર્ધા ઇટલી, કોલંબિયા અને બેલ્જિયમ સાથે છે. વર્લ્ડ સ્ક્વોશ ટીમ સ્પર્ધામાં ભારત હજી સુધી એક પણ ચંદ્રક જીત્યું નથી.